GJRJ190013082024

દાખલ તારીખ : ૩૦/૧૧/૨૦૨૪
રજી. તારીખ : ૩૦/૧૧/૨૦૨૪
ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

:: FORM-A ::

| | |
|---|---|
| **:: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન ::** | |
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા પો.સ્ટે., વર્ષ : ૨૦૧૫, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૩૭/૨૦૧૫, તા.૦૩/૦૩/૨૦૧૫ |
| **ગુન્હો :** | આઇ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | આઇ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : પ્રકાશભાઇ શામજીભાઇ કાકરેચા) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | શ્રી જે.ડી.ચાવડા. |
| **આરોપીઓ :** | **(૧) કિશોર ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા**<br>ઉ.વ.આ.૨૫, ધંધો–માલઢોર વેચવાનો,<br>રહે.મોટા દેવળીયા, દેવળીયા, ઓ.પી.ની નજીક રોડ કાંઠે,તા.બાબરા,જી.અમરેલી.<br>**(૨) ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા**<br>ઉ.વ.આ.૨૦,ધંધો–માલઢોર વેચવાનો,<br>રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,<br>નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. |

| | |
|---|---|
| | **(૩) સંજયભાઇ સ/ઓ નાનજીભાઇ જવેરભાઇ મીઠાપરા**<br>ઉ.વ.આ.૩૫,ધંધો–ભંગાર વેચવાનો,<br>રહે.જેતલસર ગાયત્રીનગર,ડેડરવારોડ બાપાસીતારામ મઢુલી પાસે, તા.જેતપુર,જી.રાજકોટ. |
| **આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી :** | **એન.કે.પરમાર.** |
| **આરોપી નં.૧,૨ તરફે** | **આંક–૧ તળેના તા.૦૨/૦૨/૨૦૨૬ નાં હુકમ મુજબ આરોપી કિશોર ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાધેલા તથા આરોપી ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુ ભાઇ ચારોલા વિરૂદ્ધનો કેસ સી.આર.પી. સી. કલમ–૨૯૯(૧) મુજબ આરોપી નં.૧ તથા ૨ ની ગેરહાજરીમાં નોંધવા હુકમ કરેલ છે.** |

:: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | 02/03/2015,AT 23.00 |
| DATE OF F.I.R. | 03/03/2015,AT 13:00 |
| DATE OF CHARGESHEET | 06/07/2015 |
| DATE OF FRAMING OF CHARGE | 02/02/2026 |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 23/02/2026 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 10/04/2026 |
| DATE OF THE JUDGMENT | 30/04/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY | ------------- |

<u>ACCUSED DETAILS :-</u>

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARRE-ST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | KISHO RE | 03/04/ 2015 | 12/06/ 2015 | I.P.C.SEC 457,380,4 | ACQUI TED | N.A. | 69 DAYS |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | URFE RAJU S/OSURA BHAI VAGHELA | | | 36,427,447,379,411,114 | | | |
| 2 | UMESH S/O KESHU BHAI CHAROLIYA | 06/05/2015 | 12/06/2015 | I.P.C.SEC 457,380,436,427,447,379,411,114 | ACQUITED | N.A. | 36 DAYS |
| 3 | SANJAY BHAI NANJI BHAI MITHAPARA | 07/04/2015 | 18/04/2015 | I.P.C.SEC 457,380,436,427,447,379,411,114 | ACQUITED | N.A. | 11 DAYS |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટ ::

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

**:: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૮ | સાહેદ નં.૧ (પ્રકાશભાઇ શામજીભાઇ કાકરેચા) | ફરીયાદી |
| ૨ | ૩૧ | સાહેદ નં.૨ (દિનેશભાઇ નટવરલાલ દવે) | ત.ક.અમલદાર |

**(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

## :: ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | P1/PW1 |
| ૨ | ગુન્હો રજી કરવાનો પત્ર | P2/PW2 |
| ૩ | સ્થાનીક જગ્યાનું પંચનામું | P3/PW2 |
| ૪ | મુદ્દામાલ કબ્જે કરેલાનું પંચનામું | P4/PW2 |
| ૫ | ઝડતી પંચનામું | P5/PW2 |
| ૬ | ઝડતી પંચનામું | P6/PW2 |
| ૭ | ઝડતી પંચનામું | P7/PW2 |
| ૮ | આરોપી ઉમેશને અટક કરેલાનું પંચનામું | P8/PW2 |
| ૯ | તપાસ સંભાળી લેવાનો પત્ર | P9/PW2 |
| ૧૦ | આરોપી ડીડી ઉર્ફે યુનુસનું શરીર સ્થીતીનું પંચનામું | P10/PW2 |
| ૧૧ | મુદ્દામાલ કબ્જે કરેલાનું પંચનામું | P11/PW2 |
| ૧૨ | આરોપી વિક્રમનું અટક પંચનામું | P12/PW2 |
| ૧૩ | આરોપી વિક્રમનું અટક પંચનામું | P13/PW2 |

**બચાવપક્ષે આંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | મુ.પા.નં.૩૮/૨૦૧૫ તા.૦૩/૦૩/૨૦૧૫ | (૧) અર્ધ બળેલ ભીના જેવો થોડોક કપાસ (રૂ) પ્લાસ્ટીકની થેલીમાં ભરી જે પ્લાસ્ટીકની થેલી કપડાની બેગમાં મુકી સીવી શીલપેક કરેલ છે તે (૨) ફ્રેસ કપાસ (રૂ) ના ઢગલામાંથી થોડુક ફ્રેસ કપાસ જે પ્લાસ્ટીકની થેલી કાપડની બેગીમાં મુકી સીવી શીલપેક |

એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.

| | | |
|---|---|---|
| | | કરેલ છે તે |
| ૨ | મુ.પા.નં.૩૯/૨૦૧૫ તા.૦૩/૦૩/૨૦૧૫ | (૧) કાળા કલરનું ટી.વી.એસ. સ્ટાર કંપનીનું મો.સા. રજી.નં.જી.જે.૦૩.એ.પી.૫૧૬ છે તે |
| ૩ | મુ.પા.નં.૫૯/૨૦૧૫ તા.૦૭/૦૪/૨૦૧૫ | (૧) એક સફેદ ખોળની પ્લાસ્ટીકની કોથળીમાં કેબલ વાયરના ત્રાંબાનો તાર સળગેલ ભંગાર ભરેલ મોઢું બાંધેલ થેલી કીલો ૩૦ |

------------------------------------

**ગોંડલના મ્હે. અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

------------------------------------

**હેમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી**
અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૬)**

**સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪**
**આંક :- ૩૩**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**(૧) કિશોર ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા**
ઉ.વ.આ.૨૫, ધંધો-માલઢોર વેચવાનો,
રહે.મોટા દેવળીયા, દેવળીયા, ઓ.પી.ની નજીક રોડ
કાંઠે,તા.બાબરા,જી.અમરેલી.
**(૨) ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા**
ઉ.વ.આ.૨૦,ધંધો-માલઢોર વેચવાનો,
રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,
નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ.
**(૩) સંજયભાઇ સ/ઓ નાનજીભાઇ જવેરભાઇ મીઠાપરા**
ઉ.વ.આ.૩૫,ધંધો-ભંગાર વેચવાનો,
રહે.જેતલસર ગાયત્રીનગર,ડેડરવારોડ બાપાસીતારામ
મઢુલી પાસે, તા.જેતપુર,જી.રાજકોટ. **....આરોપીપક્ષ.**

GJRJ190013092024

सत्यमेव जयते

દાખલ તારીખ : ૩૦/૧૧/૨૦૨૪
રજી. તારીખ : ૩૦/૧૧/૨૦૨૪
ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

## :: FORM-A ::

| :: એફ.આઇ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા પો.સ્ટે., વર્ષ : ૨૦૧૫, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૩૭/૨૦૧૫, તા.૦૩/૦૩/૨૦૧૫ |
| **ગુન્હો :** | આઇ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | આઇ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : પ્રકાશભાઇ શામજીભાઇ કાકરેચા) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | શ્રી જે.ડી.ચાવડા. |
| **આરોપીઓ :** | **(૧) વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા**<br>ઉ.વ.આ.૨૫, ધંધો–માલઢોર વેચવાનો,<br>રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,<br>નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ.<br>**(૨) ડી.ડી.ઉર્ફે યુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા**<br>ઉ.વ.આ.૧૯,ધંધો–માલઢોર વેચવાનો,<br>રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,<br>નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. |

| | |
|---|---|
| આરોપી નં.૧ તથા ૨ તરફે | આંક–૧ તળેના તા.૦૨/૦૨/૨૦૨૬ નાં હુકમ મુજબ આરોપી વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા તથા આરોપી ડી.ડી.ઉર્ફે ચુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા વિરૂદ્ધનો કેસ સી.આર.પી.સી.કલમ–૨૯૯(૧) મુજબ આરોપી નં.૧ તથા ૨ની ગેરહાજરીમાં નોંધવા હુકમ કરેલ છે. |

:: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | 02/03/2015,AT 23.00 |
| DATE OF F.I.R. | 03/03/2015,AT 13:00 |
| DATE OF CHARGESHEET | 21/09/2015 |
| DATE OF FRAMING OF CHARGE | ------------ |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 23/02/2026 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 10/04/2026 |
| DATE OF THE JUDGMENT | 30/04/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY | ------------- |

ACCUSED DETAILS :-

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARRE-ST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | VIKRAM URFE BHAJAP VALLABH BHAI CHAROLIYA | 29/07/2015 | 22/03/2016 | I.P.C.SEC 457,380,436,427,447,379,411,114 | ACQUITED | N.A. | 7 MONTH 22 DAYS |
| 2 | D.D. | 12/09/ | 22/09/ | I.P.C.SEC | ACQUI | N.A. | 10 DAYS |

એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | URFE YUNUSH S/O MUNI BHAI VAGHE LIYA | 2015 | 2015 | 457,380,436,427,447,379,411,114 | TED | | |

:: મુદ્દામાલની વિગત ::

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | મુ.પા.નં.૧૫૫/૨૦૧૫ તા.૩૦/૦૭/૨૦૧૫ | (૧) પતરાની કાળી બોડીમાં ફીટ કરેલ રબર બટન વાળુ ઓટો રીવેસ બટન વાળું ઉપર અંગ્રેજીમાં સ્ટીરીયો કેસેટ પ્લેયર અને નીચે **SIR**−120 લખેલ ટેપ છે તે |

---

**ગોંડલના મ્હે. અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**હેમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી**
અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૬)**
**સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪**
**આંક :−**

**શ્રી સ ર કા ર** **....ફરીયાદપક્ષ.**

**:: વિરૂધ્ધ ::**

**(૧) વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા**
ઉ.વ.આ.૨૫, ધંધો−માલઢોર વેચવાનો,
રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,
નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ.
**(૨) ડી.ડી.ઉર્ફે યુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા**
ઉ.વ.આ.૧૯,ધંધો−માલઢોર વેચવાનો,
રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,
નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. **....આરોપીઓપક્ષ.**

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

GJRJ190000142025

દાખલ તારીખ : ૦૧/૦૧/૨૦૨૫
રજી. તારીખ : ૦૧/૦૧/૨૦૨૫
ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
**સમયગાળો : વર્ષ–માસ–દિન**

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલ ના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**:: FORM-A ::**

| :: એફ.આઈ.આર.ની વિગતો, ગુન્હો અને પોલિસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલિસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : ગોંડલ તાલુકા પો.સ્ટે., વર્ષ : ૨૦૧૫, પ્રથમ માહિતી અ. ક્રમાંક નં.૩૭/૨૦૧૫, તા.૦૩/૦૩/૨૦૧૫ |
| **ગુન્હો :** | આઈ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | આઈ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭, ૩૭૯, ૪૧૧,૧૧૪ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : પ્રકાશભાઈ શામજીભાઈ કાકરેચા) |
| **ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી :** | શ્રી જે.ડી.ચાવડા. |
| **આરોપીઓ :** | **(૧) વિક્રમ સ/ઓ ધીરુભાઈ ચારોલા**<br>ઉ.વ.આ.૨૦, ધંધો–માલઢોર વેચવાનો,<br>રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,<br>નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. |
| **આરોપી તરફે** | **આંક–૧ તળેના તા.૦૨/૦૨/૨૦૨૬ નાં હુકમ મુજબ આરોપી વિક્રમ સ/ઓ ધીરુભાઈ ચારોલા વિરૂદ્ધનો કેસ સી.આર.પી.સી.કલમ–૨૯૯(૧) મુજબ આરોપી ની ગેરહાજરીમાં નોંધવા હુકમ કરેલ છે.** |

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

:: FORM-B ::

| | |
|---|---|
| DATE OF OFFENCE | 02/03/2015,AT 23.00 |
| DATE OF F.I.R. | 03/03/2015,AT 13:00 |
| DATE OF CHARGESHEET | 10/11/2015 |
| DATE OF FRAMING OF CHARGE | ------------ |
| DATE OF COMMENCEMENT OF EVIDENE | 23/02/2026 |
| DATE ON WHICH JUDGMENT IS RESERVED | 10/04/2026 |
| DATE OF THE JUDGMENT | 30/04/2026 |
| DATE OF THE SENTENCING ORDER IF ANY | ------------- |

ACCUSED DETAILS :-

| RANK OF THE ACCU-SED | NAME OF ACCUSE | DATE OF ARRE-ST | DATE OF RELEA-SED ON BAIL | OFFENCES CHARGED WITH | WHETHER ACQUI-TED OR CONVIC-TED | SENT-ENCE IMPO-SED | PERIOD OF DETENTION UNDERGONE DURING TRIAL FOR PURPOSE OF SECTION-428 OF Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | VIKRAM DHIRUBHAI CHAROLIYA | 20/10/2015 | 01/08/2016 | I.P.C.SEC 457,380,436,427,447,379,411,114 | ACQUITED | N.A. | |

---

ગોંડલના મ્હે. અધિક સત્ર ન્યાયાધીશ સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.

---

હેમાંગ અશ્વીનભાઈ ત્રિવેદી
અધિક સત્ર ન્યાયાધીશ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
(ચુકાદાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૬)

સેશન્સ કેસ નં.૦૧/૨૦૨૫
આંક :–

શ્રી સ ર કા ર ....ફરીયાદપક્ષ.

એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.

:: વિરૂધ્ધ ::

**(૧) વિક્રમ સ/ઓ ધીરુભાઇ ચારોલા**
ઉ.વ.આ.૨૦, ધંધો–માલઢોર વેચવાનો,
રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે,
નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. **....આરોપીપક્ષ.**

:: <u>જજમેન્ટ</u> ::

(૧) આ કામના આરોપીઓ સામે ઉપરોકત ફરીયાદ તા.૦૨/૦૩/૨૦૧૫ ના રોજ નોંધાયેલી. જે મુજબ એફ.આઇ.આર.માં આરોપી નં.૧ કિશોરભાઇ ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા તથા આરોપી નં.૨ ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા તથા આરોપી નં.૩ સંજયભાઇ નાનજીભાઇ મીઠાપરા નાઓ તથા અન્ય નાસતા ફરતા આરોપીઓ સામે એફ.આઇ.આર. દાખલ થયેલ જે તપાસના અંતે ઉપરોકત આરોપીઓને અટક કરવામાં આવેલ તેમજ અન્ય આરોપીઓ નાસતા ફરતા હોય જે તે સમયે અટક થયેલ ન હોય ફકત ઉપરોકત આરોપીઓ સામે ચાર્જશીટ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ જેના સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ થી નોંધાયેલ. ત્યારબાદ બીજા આરોપી નં.૪ વિક્રમ વલ્લભભાઇ ઉર્ફે ચારોલીયા તથા આરોપી નં.૬ યુનુસ ઉર્ફે ડી.ડી. મુનીભાઇ વાઘેલીયા નાઓની અટક થતા તેઓ પુરતુ પુરવણી ચાર્જશીટ તા.૨૧/૦૯/૨૦૧૫ ના રોજ રજુ કરવામાં આવેલ જેના સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ અન્ય આરોપી નં.૫ વિક્રમ સ/ઓ ધીરુભાઇ રામાભાઇ ચારોલીયા નાઓની અટક થતા તેઓ પુરતુ પુરવણી ચાર્જશીટ તા.૧૦/૧૧/૨૦૧૫ ના રોજ રજુ કરવામાં આવેલ.

(૨) આ કામના આરોપીઓ સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ તથા સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪ તથા સેશન્સ ૦૧/૨૦૨૫ ની ટ્રાયલનો સામનો કરી રહયા છે. તેઓની વિરૂદ્ધ ઇ.પી.કો.કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭,૩૭૯, ૪૪૧,૧૧૪ મુજબના ગુન્હાઓ સબબની ટ્રાયલ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં આ કામના સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ ના આરોપીઓ જામીન મુકત

થયા બાદ આરોપીઓ વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ સેસન્સ કમીટ કરવામાં આવેલ.

(૩) સદરહું ફોજદારી કેસ નં.૧૭૦૮/૨૦૧૫ કેસ કમીટ થઇને અત્રેની કોર્ટમાં આવતા આ કામના આરોપી (૧) કિશોર ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા(૨) ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા સામે વારંવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ પરંતુ તે આજ દિન સુધી બજેલ નથી તેમજ જામીનદારને નોટીસ કાઢવામાં આવેલ પંરતુ જામીનદાર મળી આવતા ન હોય જે બાબતના શેરા સાથે જામીનદારની નોટીસ પરત ફરેલ. તેમજ આરોપીઓ લાંબા સમયથી ગેરહાજર રહેલ હોય જેથી આરોપીઓ સામે સી.આર.પી.સી.કલમ–૮૨ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ અને જાહેરનામાની નિયમીત બજવણી થયેલ, તેમ છતા આરોપીઓ નિયત સમયમાં હાજર રહેલ નહી. તેમજ આરોપીઓ નજીકના ભવિષ્યમાં પણ મળી શકે તેવી કોઇ શકયતા જણાય આવતી નથી. આમ, સદરહું આરોપીઓને ભાગેડુ તરીકે જાહેર કરેલ હોવાથી સદરહું કેસની કાર્યવાહી અનિશ્ચીત મુદત સુધી વિલંબીત રાખી શકાય નહી. તે સંજોગોમાં આરોપીઓ સામેની કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ કામના આરોપી નં.૩ સંજયભાઇ નાનજીભાઇ મીઠાપરા નાઓ વિરૂદ્ધ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ આંક–૨૬ થી તહોમતનામું ફરમાવેલ જે તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા તેઓનું આંક–૨૭ મુજબનું નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ તહોમતનામા મુજબના ગુન્હાનો ઇન્કાર કરેલ અને ટ્રાયલની માંગણી કરેલ.

(૪) વધુમાં આ કામના સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪ ના આરોપીઓ જામીન મુકત થયા બાદ આરોપીઓ વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ સેસન્સ કમીટ કરવામાં આવેલ.

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

(૫) સદરહું ફોજદારી કેસ નં.૨૨૬૨/૨૦૧૫ કેસ કમીટ થઇને અત્રેની કોર્ટમાં આવતા આ કામના આરોપી (૧) વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા, (૨) ડી.ડી.ઉર્ફે યુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા સામે વારંવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ પરંતુ તે આજ દિન સુધી બજેલ નથી તેમજ જામીનદારને નોટીસ કાઢવામાં આવેલ પંરતુ જામીનદાર મળી આવતા ન હોય જે બાબતના શેરા સાથે જામીનદારની નોટીસ પરત ફરેલ. તેમજ આરોપીઓ લાંબા સમયથી ગેરહાજર રહેલ હોય જેથી આરોપીઓ સામે સી.આર.પી.સી.કલમ–૮૨ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ અને જાહેરનામાની નિયમીત બજવણી થયેલ, તેમ છતા આરોપીઓ નિયત સમયમાં હાજર રહેલ નહી. તેમજ આરોપીઓ નજીકના ભવિષ્યમાં પણ મળી શકે તેવી કોઇ શકયતા જણાય આવતી નથી. આમ, સદરહું આરોપીઓને ભાગેડુ તરીકે જાહેર કરેલ હોવાથી સદરહું કેસની કાર્યવાહી અનિશ્ચીત મુદત સુધી વિલંબીત રાખી શકાય નહી. તે સંજોગોમાં આરોપીઓ સામેની કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) વધુમાં આ કામના સેશન્સ કેસ નં.૦૧/૨૦૨૫ ના આરોપી જામીન મુકત થયા બાદ આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ સેસન્સ કમીટ કરવામાં આવેલ.

(૭) સદરહું ફોજદારી કેસ નં.૨૬૧૦/૨૦૧૫ કેસ કમીટ થઇને અત્રેની કોર્ટમાં આવતા આ કામના આરોપી વિક્રમભાઇ ધીરુભાઇ ચારોલ સામે વારંવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ પરંતુ તે આજ દિન સુધી બજેલ નથી તેમજ જામીનદારને નોટીસ કાઢવામાં આવેલ પંરતુ જામીનદાર મળી આવતા ન હોય જે બાબતના શેરા સાથે જામીનદારની નોટીસ પરત ફરેલ. તેમજ આરોપીઓ લાંબા સમયથી ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સી.આર.પી.સી.કલમ–૮૨ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ અને જાહેરનામાની નિયમીત બજવણી થયેલ, તેમ છતા આરોપીઓ નિયત

સમયમાં હાજર રહેલ નહી. તેમજ આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી શકે તેવી કોઇ શકયતા જણાય આવતી નથી. આમ, સદરહું આરોપીઓને ભાગેડુ તરીકે જાહેર કરેલ હોવાથી સદરહું કેસની કાર્યવાહી અનિશ્ચીત મુદત સુધી વિલંબીત રાખી શકાય નહી. તે સંજોગોમાં આરોપી સામેની કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ સદરહું ત્રણેય કેસોને કોન્સોલીડેટ કરી ન્યાયીક કાર્યવાહી માટે આગળ ચલાવવામાં આવેલ, તેમજ આરોપી નં.૩ સંજયભાઇ નાનજીભાઇ મીઠાપરા વિરૂદ્ધ તહોમતનામા મુજબના ગુન્હા સબબની ટ્રાયલ હાથ ધરવામાં અવેલ છે.

**(૯) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત :–**

/એ/ આ કામે ફરીયાદપક્ષની ટુંકમાં હકિકત એવી છે કે,આ કામના ફરીયાદી તથા સહેદોની વાડીઓમાં આ કામના આરોપીએ પ્રવેશ કરી, વાડીના મકાન તથા ગોડાઉનના તળાના નકુચા તોડી, વાડીના મકાન તથા ગોડાઉનમાં પડેલ ૧૫૦ મણ કપાસ(રૂ) જેની કિ.રૂા.૧,૨૦,૦૦૦/– તથા પ્લાસ્ટીક પી.વી.સી. પાઇપ ૧૫૦ ફુટ કિ.રૂા.૧૫૦૦૦/– તથા ધરઘંટી કિ.રૂા.૧૦,૦૦૦/– તેમજ મકાન સળગાવી નુકશાન કરી, ફરીયાદી તથા સાહેદોની વાડીમાં પ્રવેશ કરી, ઓરડીઓના તાળા તોડી, ઇલેકટ્રીક મોટરનો થ્રીફેસ કોપર કેબલ વાયર આશરે ૨૨૨૫ ફુટ જેની કિ.રૂા.૩૩,૩૭૫/– તથા મોટર સાયકલ કિ.રૂા.૧૫,૦૦૦/– તેજમ ટ્રેકટરમાં ફીટ કરેલ પેટીમાં રાખેલ રોકડ રૂા.૩,૦૦૦/– ની ચોરી કરી ચોરીનો મુદ્દામાલ હોવાનું જાણવા છતા ફાયદા સારુ આ કામના આરોપીએ ચોરીનો માલ રાખી લઇ ગુન્હો કરેલ કરી, આઇ.પી.સી.કલમ–૪૫૭, ૩૮૦, ૪૨૭, ૪૩૬, ૪૪૭,૩૭૯,૪૪૧,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ, જેની ફરીયાદ ફરીયાદીએ તા.૦૨/૦૩/૨૦૧૫ ના રોજ ગોંડલ તાલુકા પો.સ્ટે.ના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરેલ.

/બી/ ફરીયાદીએ ઉપરોકત હકિકતે બનેલ બનવાની ફરીયાદ ગોંડલ તાલુકા પો.સ્ટે.ના પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરતા તેઓએ ફરીયાદના લખાવ્યા મુજબની ફરીયાદ લઇ ગુન્હો રાજકોટ રૂરલ ગોંડલ તાલુકા પો.સ્ટે.ગુ.રજી.નં.૩૭/૨૦૧૫ મુજબની તપાસ શ્રી પી.આઇ.ને સુપરત કરેલ. તેઓએ તપાસ દરમ્યાન પંચનામાઓ તથા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ હતા. તેમજ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

## (૧૦) કમીટલ પ્રોસીડીંગ્સ :–

આ કામના આરોપી નં.૧ કિશોરભાઇ ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા તથા આરોપી નં.ર ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા તથા આરોપી નં.૩ સંજયભાઇ નાનજીભાઇ મીઠાપરા વિરૂદ્ધ ગોંડલના એડી.ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં મુખ્ય ચાર્જશીટ રજુ થયેલ તેના ફોજદારી કેસ નં.૧૭૦૮/૨૦૧૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિ.મેજી.એ આરોપીઓને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલ પુરી પાડી, આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ફકત સત્ર અદાલતને હોય, આરોપીઓ પોતાના સ્વ ખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિ.મેજી.એ સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કેસ કમીટ કરતો હુકમ કરવામાં આવેલ. જેને સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ થી રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટ તરફ મોકલી આપેલ. ત્યારબાદ અન્ય આરોપી (૧) વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા, (૨) ડી.ડી.ઉર્ફે યુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા વિરૂદ્ધ ગોંડલના એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં પુરવણી ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૨૨૬૨/૨૦૧૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિદ્વાન મેજી.શ્રીએ આરોપીઓને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી,આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ફકત સત્ર અદાલતને હોય, આરોપીઓ પોતાના સ્વ ખર્ચે વકીલ રોકી

પોતાનો કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિ.મેજી.એ સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કેસ કમીટ કરતો હુકમ કરવામાં આવેલ. જેના સેશન્સ કેસ ૫૪/૨૦૨૪ થી રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટ તરફ મોકલી આપેલ.

ત્યારબાદ અન્ય આરોપી (૧) વિક્રમભાઇ ધીરુભાઇ ચારોલીયા વિરૂદ્ધ ગોંડલના એડી. ચીફ જયુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં પુરવણી ચાર્જશીટ રજુ થતા તે ફોજદારી કેસ નં.૨૬૧૦/૨૦૧૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ વિદ્વાન મેજી.શ્રીએ આરોપીને તેમની વિરૂદ્ધના કેસ કાગળોની નકલો પુરી પાડી,આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સતા ફકત સત્ર અદાલતને હોય, આરોપીઓ પોતાના સ્વ ખર્ચે વકીલ રોકી પોતાનો કાનુની બચાવ કરવા માંગતા હોવાનું જણાવતા, વિ.મેજી.એ સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કેસ કમીટ કરતો હુકમ કરવામાં આવેલ.જેના સેશન્સ કેસ ૦૧/૨૦૨૫ થી રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટ તરફ મોકલી આપેલ.

## (૧૧) તહોમતનામું તથા આરોપીની પ્લી:–

સદર ફોજદારી કેસ નં.૧૭૦૮/૨૦૧૫ કમીટ થઇને આવતા તે સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ થી રજીસ્ટરે લઇ સદર કેસ ઇન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની કોર્ટમાં તબદીલ કરતા તેઓએ આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ આરોપી વિરૂદ્ધ આંક–૨૬ થી તહોમતનામું ફરમાવતા આરોપીએ તેમના આંક–૨૭ થી નિવેદનથી ગુન્હો કર્યાનો ઇન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા તેમજ સરકારી વકીલની માંગણી કરતા તેઓએ સરકારી વકીલ રોકવાની ના પાડેલ. જેથી સદર કેસ ઇન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતમાં તબદીલ થયેલ.

## (૧૨) આરોપીનું વિશેષ નિવેદન :–

કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત ફોર્મ–સી માં દર્શાવવામાં આવેલ તમામ પુરાવાઓ રેકર્ડે નોંધવામાં

આવેલ ત્યારબાદ, ફરીયાદપક્ષે આંક–૩૨ થી પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષ તર્ફેનો પુરાવાઓ પુરો થયાનું જાહેર કરતા, ઈન્સાફી કાર્યવાહીના અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવમાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાઓની હકિકતોને મહદઅંશે ઈન્કાર કરતી તથા પુરાવાની હકિકતો બાબતે પોતે કાંઈ જાણતા ન હોવાનું, ખોટી ફરીયાદ, ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવી વિશેષમાં તેઓ નિર્દોષ હોવાની હકિકતો જણાવેલ છે. વધુમાં આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવામા માંગતા નથી તેવુ વિશેષ નિવેદનમાં જણાવતા અને આરોપી તરફે તેઓ કોઇ પુરાવા રજુ કરવામાં ન આવતા અંતમાં, સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારુ બંન્નેપક્ષે વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ.

**(૧૩)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા ફરીયાદી સરકારશ્રી તરફે વિ.વ.શ્રી એડી.પી. પી.શ્રી જે.ડી.ચાવડા નાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષની મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આરોપી વિરૂદ્ધ તહોમતનામામાં જણાવ્યા મુજબ આઇ.પી.સી.કલમ– ૪૫૭,૩૮૦, ૪૨૭,૪૩૬,૪૪૭,૩૭૯,૪૪૧,૧૧૪ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી આરોપીને વધુમાં વધુ સજા કરવા અરજ ગુજારેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે,સદરહું કામેના તપાસનીશ અધિકારીશ્રીએ તેમના મૌખીક પુરાવા દરમ્યાન હાલના કામેની ગુન્હા સબબની તપાસની કામગીરી તથા તપાસ દરમ્યાન એકત્ર કરવામાં આવેલ પુરાવાઓની હકિકતો જણાવી ફરીયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન પુરુ પાડેલ છે. આમ, સમગ્ર રીતે ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબનો આઇ.પી.સી. કલમ–૪૫૭,૩૮૦,૪૨૭,૪૩૬,૪૪૭,૩૭૯,૪૪૧,૧૧૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ હોય આરોપીને કાયદામાં ઠરાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા દલીલ કરેલ છે.

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

**(૧૪)** જયારે બચાવપક્ષે આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી એન.કે.પરમાર નાઓએ દલીલ કરેલ છે કે, આ કામના ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં દલીલ કરેલ છે કે, સદરહું કામે પંચોને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. તેમજ ત.ક.અમલદાર દ્વારા આવા પંચોના નામ ઠામ તેઓની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં આ કામે ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થન કરતા નથી. તેમજ ફરીયાદીની હાજરીમાં કોઇ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. તેમજ એફ.આઇ.આર.માં પણ આરોપીના નામ જણાવતા નથી. વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો જોતા આરોપીની ગુન્હાના કામે સંડોવણી હોવાની હકિકત કોઇ જ રીતે પુરવાર થતી નથી. આમ, મુખ્ય સાહેદોના પુરાવાથી આરોપી વિરૂધ્ધ ગુન્હો નિ:શંકપણે પુરવાર થતો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

**(૧૫)** ઉપરોકત હકિકતે કેસના અંતીમ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-// મુદ્દાઓ //-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા સહેદોની વાડીઓમાં આ કામના આરોપીએ પ્રવેશ કરી, વાડીના મકાન તથા ગોડાઉનના તળાના નકુચા તોડી, વાડીના મકાન તથા ગોડાઉનમાં પડેલ ૧૫૦ મણ કપાસ (રૂ) જેની કિ.રૂા.૧,૨૦,૦૦૦/- તથા પ્લાસ્ટીક પી.વી.સી. પાઇપ ૧૫૦ ફુટ કિ.રૂા.૧૫૦૦૦/- તથા ધરધંટી કિ.રૂા.૧૦,૦૦૦/- તેમજ મકાન સળગાવી નુકશાન કરી, ફરીયાદી તથા સાહેદોની વાડીમાં પ્રવેશ કરી, ઓરડીઓના તાળા તોડી, ઇલેકટ્રીક મોટરનો થ્રીફેસ કોપર કેબલ વાયર આશરે ૨૨૨૫ ફુટ જેની કિ.રૂા.૩૩,૩૭૫/- તથા મોટર સાયકલ કિ.રૂા.૧૫,૦૦૦/- તેજમ ટ્રેકટરમાં ફીટ કરેલ પેટીમાં રાખેલ રોકડ રૂા.૩,૦૦૦/- ની ચોરી કરી ચોરીનો મુદ્દામાલ

હોવાનું જાણવા છતા ફાયદા સારુ આ કામના આરોપીએ ચોરીનો માલ રાખી લઈ ગુન્હો કરેલ કરી, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૫૭,૩૮૦,૪૨૭, ૪૩૬, ૪૪૭,૩૭૯,૪૪૧,૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૧૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

(૧) ''નકારમાં''

(૨) '' આખરી હુકમ મુજબ''

**-//કા ર ણો //-**

**(૧૭)** ઉપરોકત મુદ્દાના સંદર્ભમાં કારણોની ચર્ચા કરતા પહેલા ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, આ કામના ફરીયાદી તથા સહેદોની વાડીઓમાં આ કામના આરોપીએ પ્રવેશ કરી, વાડીના મકાન તથા ગોડાઉનના તળાના નકુચા તોડી, વાડીના મકાન તથા ગોડાઉનમાં પડેલ ૧૫૦ મણ કપાસ(રૂ) જેની કિ.રૂા.૧,૨૦,૦૦૦/- તથા પ્લાસ્ટીક પી.વી.સી. પાઈપ ૧૫૦ ફુટ કિ.રૂા.૧૫૦૦૦/- તથા ધરઘંટી કિ.રૂા.૧૦,૦૦૦/- તેમજ મકાન સળગાવી નુકશાન કરી, ફરીયાદી તથા સાહેદોની વાડીમાં પ્રવેશ કરી, ઓરડીઓના તાળા તોડી, ઈલેકટ્રીક મોટરનો થ્રીફેસ કોપર કેબલ વાયર આશરે ૨૨૨૫ ફુટ જેની કિ.રૂા.૩૩,૩૭૫/- તથા મોટર સાયકલ કિ.રૂા.૧૫,૦૦૦/- તેજમ ટ્રેકટરમાં ફીટ કરેલ પેટીમાં રાખેલ રોકડ રૂા.૩,૦૦૦/- ની ચોરી કરી ચોરીનો મુદ્દામાલ હોવાનું જાણવા છતા ફાયદા સારુ આ કામના આરોપીએ ચોરીનો માલ રાખી લઈ ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચા:-**

**(૧૮)** આ મુદ્દાના સંદર્ભમાં ફરીયાદપક્ષનો કેસ જોતા ફરીયાદપક્ષ તરફે **<u>આંક-૨૮ થી ફરીયાદી પ્રકાશભાઈ શામજીભાઈ કાંકરેચા</u>** તેઓની જુબાનીમાં

જણાવે છે કે, તેઓ કુલ ૮૦ વિઘા જમીન છે. જેમાંથી તેઓના દસ વિઘા જમીન આવેલ છે અને એક તેઓના માતુશ્રી પાસે પણ દસ વિઘા જમીન છે જે રત્નાગર વાડીના નામે ઓળખાય છે. તે દિવસે તેઓ તેમના ઘરે હતા. તેઓની વાડીના પાડોશીએ તેઓના મોટાભાઇ દેવશીભાઇ ને ફોન કરી જણાવેલ કે, આપણી રત્નાગર વાડીના મકાનમાં ધુમાળા નીકળે છે. જેથી તેઓ તેમના ભાઇ ત્યાં ગયેલા. મુદ્દામાલ કપાસ આશરે રૂા.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ) જેટલી હતી. તેઓની વાડીના ઓરડીના તાળા તુટી ગયેલા હતા. તેઓને કોઈપણ ચીજવસ્તુ પરત મળેલ નથી. **આ કપાસ કોણ સળગાવી ગયેલ તેની તેઓને જાણ નથી. તેમજ તેઓને પાછળથી જાણવા મળેલ નહી કે કપાસ કોણ સળગાવી ગયેલા.** તેઓએ આ બનાવ અંગેની ફરીયાદ કરેલી. જે ફરીયાદ આંક-P1/PW1 થી અસલ ફરીયાદ રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓ ની સહી ઓળખી બતાવે છે.

સદરહું ફરીયાદીની આરોપી તરફેની ઉલટતપાસ જોતા, **એ વાત કબુલ રાખેલ છે કે, તેઓએ આરોપીઓના નામ લખાવેલ નથી. તેમજ તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેમજ આરોપીઓને પકડેલા હોય અને ત્યારબાદ તેઓને બોલાવેલા હોય તેવુ બનેલ નથી. તેમજ મામલતદારશ્રી રૂબરૂ કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.** આમ, આ સાહેદની જુબાની જોતા આંક-P1/PW1 થી ફરીયાદમાં જણાવેલ હકિકતો નિ:શંકપણે આરોપી વિરૂદ્ધ પુરવાર થયેલ નથી એવુ સ્પષ્ટ થાય છે. આમ, આંક-P1/PW1 વાળી ફરીયાદ જોતા અજાણ્યા ઈસમો સામે ફરીયાદ કરવામાં આવેલ છે. તેમજ આ કામના આરોપીની ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. જેથી ચોરી કરેલ મુદ્દામાલ કોણ લઇ ગયેલ તે ઓળખેલ નથી. તેમજ બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આ કપાસ કોણ સળગાવી ગયેલ તેની તેઓને જાણ નથી. તેમજ તેઓને પાછળથી જાણવા મળેલ નહી કે કપાસ કોણ સળગાવી ગયેલા. આમ, ફરીયાદીની ઉપરોકત સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતા આ કામના આરોપીએ તહોમતનામા મુજબનો ગુન્હો કરેલ હોય તે હકિકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

(૧૯) ફરીયાદપક્ષે **<u>ત.ક.અમલદાર દિનેશભાઇ નટવરલાલ દવે નાઓને આંક–૩૧</u>** થી સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,તેઓ સને ૨૦૧૫ ની સાલમાં ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. ગઇ તા.૦૩/૦૩/૨૦૧૫ ના પી.એસ. આઇ. એ.એમ.મલેક ફરજ પર હાજર હતા. ત્યારે પ્રકાશ શામજીભાઇ કાકરેચા, રહે. વાસાવડ વાળાએ તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લઇ તેઓને આપતા તેઓએ ગુન્હો દાખલ કરી આગળની તપાસ પી.એસ.આઇ. મલેકને સોંપેલી. પી.એસ.આઇ એ.એમ.મલેકનું અવસાન થયેલ હોય અને જે તે વખતે તેઓ તેની સાથે ફરજ બજાવતા હતા. આ કામમાં તેમણે ફરીયાદ, પંચનામા, સાહેદોના નિવેદનો લખાવ્યા મુજબના લીધેલા હતા તે તેઓ ઓળખી બતાવે છે. તેમજ પી.એસ.આઇ. મલેકના હસ્તાક્ષર તેઓ ઓળખી બતાવે છે.આંક–P2/PW2 થી ગુન્હો રજી. કરવાનો પત્ર રજુ રાખવામાં આવેલ છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. આંક–P3/PW2 થી સ્થાનિક જગ્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. આંક–P4/PW2 થી મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. આંક–P5/PW2 થી આંક–P7/PW2 સુધી ઝડતી પંચનામા રજુ રાખવામાં આવેલ છે. જે ઓળખી બતાવે છે. આંક–P8/PW2 થી આરોપી ઉમેશને અટક કર્યાનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જેમાં પી.એસ.આઇ. મલેકના હસ્તાક્ષર અને સહી ઓળખી બતાવે છે. આંક–P9/PW2 થી આંક–P12/PW2 સુધી સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪ ના દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે. જેમાં તપાસ સંભાળી લેવા બાબત, આરોપી ડીડી ઉર્ફે યુનુસનું શરીર સ્થીતીનું પંચનામું તથા મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું અને આરોપી વિક્રમની અટક કર્યાનું પંચનામું જે તમામ તપાસના કામે પી.એસ.આઇ. મલેકને મળેલા હતા જે દસ્તાવેજો ઓળખી બતાવે છે. આંક–P13/PW2 થી સેશન્સ કેસ નં.૦૧/૨૦૨૫ ના કામે આરોપી વિક્રમ ને અટક કર્યા અંગેનું પંચનામું રજુ રાખવામાં આવેલ છે. જે તપાસના કામે પી.એસ.આઇ. મલેકને મળેલા હતા, જે તમામ દસ્તાવેજ ઓળખી બતાવે છે.

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**

સદરહું ત.ક.અમલદારની ઉલટતપાસ જોતા, એ વાત કબુલ રાખેલ છે કે, ફરીયાદમાં આરોપીઓના નામ લખાવેલા નહી. તેમજ એ વાત કબુલ રાખેલ છે કે, પી.એસ.આઇ. મલેકે મામલતદાર સાહેબ સમક્ષ કોઇ ઓળખ પરેડ કરાવેલ નહી. તેમજ એ વાતનો ઇન્કાર કરે છે કે, તમામ પંચનામાઓ પંચોની ગેરહાજરીમાં કરેલા છે અને સાહેદોના નિવેદનો પી.એસ.આઇ. મલેકે તપાસને અનુરુપ લખી લીધેલા છે. તેમજ એ વાતનો ઇન્કાર કરે છે કે, આરોપીઓ સામે ખોટુ ચાર્જશીટ પી.એસ.આઇ. મલેક દ્વારા કરવામાં આવેલ છે. હવે ત.ક.અમલદારની સમગ્ર જુબાની ધ્યાને લેતા, આ કામના આરોપીઓનું ફરીયાદી રૂબરૂ ઓળખ પરેડ કરવામાં આવેલ નથી. તેમજ આ કામના તપાસ કરનાર અમલદારની સમગ્ર જુબાની જોતા બનાવવાળી જગ્યાનું પંચનામું તથા અન્ય પંચનામાઓ કયા પંચોની હાજરીમાં કરવામાં આવેલ તેના નામ પણ જણાવતા નથી.તેમજ આ કામે ફરીયાદપક્ષે પંચોને તપાસવામાં આવેલ નથી. જેથી ઉપરોકત કરેલ પંચનામાઓ પુરવાર થયેલા માની શકાય નહી. તેમજ બનાવને ફરીયાદી પણ સમર્થન કરતા નથી. આમ, ત.ક.અમલદારે તટસ્થ તપાસ કરેલ હોય તેવુ જણાય આવતુ નથી.

**(૨૦)** આંક–૨૭ થી આરોપીઓ વિરૂદ્ધ આઇ.પી.સી.કલમ–૪૫૭,૩૮૦, ૪૩૬,૪૨૭,૪૪૭,૩૭૯,૪૧૧ તથા ૧૧૪ મુજબના ગુન્હાનું તહોમત છે. તયારે આ કલમોની જોગવાઇઓ ધ્યાને લઇએ તો,

આ કામના આરોપીઓ સામે **ઇ.પી.કો.કલમ–૪૫૭** મુજબના ગુન્હાની ફરીયાદ છે. જેની વ્યાખ્યામાં દર્શાવ્યા મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે,**''જે કોઇ વ્યકિત, કેદની શિક્ષાને પાત્ર ગુન્હો કરવા માટે રાત્રે ગુપ્ત ગૃહ અપપ્રવેશ કરે અથવા રાત્રે ધરફોડ કરે, તેને પાંચ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.''** તેવી હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

**(૨૦.૧)** વધુમાં આ કામના આરોપીઓ સામે **ઇ.પી.કો.કલમ–૩૮૦** મુજબના ગુન્હાનું તહોમત ફરમાવેલુ છે. જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ

પડે કે'' **<u>જે કોઇ વ્યકિત કોઇ મકાન, તંબુ અથવા વહાણ માણસોના રહેણાંક માટે અથવા માલ–મિલ્કત રાખવા માટે ઉપયોગમાં લેવાતુ હોય તેમાંથી ચોરી કરે તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે.''</u>** તેવી હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

(૨૦.૨) વધુમાં આ કામના આરોપીઓ સામે **<u>ઇ.પી.કો.કલમ–૪૩૬</u>**મુજબના ગુન્હાનું તહોમત ફરમાવેલુ છે. જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે,**<u>'' જે કોઇ વ્યકિત સામાન્ય રીતે ધર્મસ્થાન તરીકે અથવા માણસોના રહેણાંક તરીકે અથવા માલસામાન રાખવાની જગ્યા તરીકે ઉપયોગમાં લેવાના મકાનનો નાશ કરવાના ઇરાદાથી અથવા એથી તેનો નાશ થવાનો સંભવ છે એમ જાણવા છતા આગ અથવા સ્ફોટક પદાર્થથી બગાડ કરે, તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાથી કોઇ પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.''</u>**તેવી હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

(૨૦.૩) વધુમાં આ કામના આરોપીઓ સામે **<u>ઇ.પી.કો.કલમ–૪૨૭</u>** મુજબના ગુન્હાનું તહોમત ફરમાવેલુ છે. જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે,**<u>'' જે કોઇ વ્યકિત, બગાડ કરીને પચાસ રૂપીયાનું અથવા તેથી વધુ રકમનું નુકશાન અથવા હાની કરે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા બંન્ને શીક્ષા કરવામાં આવશે.''</u>**તેવી હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

(૨૦.૪) વધુમાં આ કામના આરોપીઓ સામે **<u>ઇ.પી.કો.કલમ–૪૧૧</u>** મુજબના ગુન્હાનું તહોમત ફરમાવેલુ છે. જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે,**<u>'' જે કોઇ વ્યકિત ચોરીનો માલ, તે ચોરાયેલો છે એવુ જાણવા છતા અથવા પોતાને એમ માનવાને કારણ હોવા છતા લે અથવા રાખે તેને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઇ પણ પ્રકારની કેદની અથવા દંડની અથવા</u>**

**<u>તે બંન્ને શીક્ષા કરવામાં આવશે</u>''** તેવી હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

**(૨૧)** જેથી ચર્ચાને અંતે, હાલના કેસમાં રજુ થયેલ પુરાવાઓ તથા ઉપરોકત ચર્ચા ઉપરથી આ અદાલત એવા તારણ ઉપર આવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધની તહોમત માંહેની હકિકતો, તહોમત માંહેના ગુન્હાઓ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં ફરીયાદી પોતે તેઓની જુબાનીને સમર્થન કરતા નથી અને તેઓ જણાવે છે કે, બનાવ કઇ રીતે બનેલ અને આ કપાસ કોણ સળગાવી ગયેલ તેની તેઓને જાણ નથી. તેમજ તેઓને પાછળથી જાણવા મળેલ નહી કે કપાસ કોણ સળગાવી ગયેલા.તેમજ મામલતદારશ્રી રૂબરૂ કોઇ ઓળખ પરેડ પણ કરાવેલ નથી. ત્યારે આરોપીને સદરહું ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવા પાત્ર જણાઇ આવતુ નથી. આમ, સદરહું કેસનો પુરાવો નોંધવાની કાર્યવાહી જયારે સી.આર.પી.સી.કલમ-૨૯૯ અન્વયે હાથ ધરવામાં આવેલ છે અને આરોપી નં.૧,૨,૪,૫,૬ ની ગેરહાજરીમાં સમગ્ર પુરાવા નોંધવામાં આવેલ છે. ત્યારે આ પુરાવાઓ આરોપી નં.૧,૨,૪,૫,૬ ની ઉલટતપાસ વિના જ વેચાંણે લેતા, સદર કામેના ફરીયાદપક્ષના પુરાવાની હકિકતો તેવુ દર્શાવે છે કે,આરોપીનં.૩ વિરૂદ્ધનો કેસ તથા ગુન્હાનું તહોમત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી આ કામના આરોપી નં.૧,૨,૪,૫,૬ કે જેઓ ભવિષ્યના દિવસોમાં મળી આવે તેવી કોઇ શકયતા જણાતી નથી તેવી રેકર્ડ ઉપરની હકિકતોને લક્ષમાં લેતા, આરોપી નં.૧,૨,૪,૫,૬ હાજર થતા સુધી આ પુરાવાને સંરક્ષીત રાખી કેસની કાર્યવાહી મુલત્વી રાખવી એ યોગ્ય,વ્યાજબી અને ન્યાયી જણાતુ નથી. આ સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૨:-**

**(૨૨)** આમ, ઉપરોકત મુદ્દા નં.૧ અંગેના નિર્ણય તથા તે અંગેના કારણોની ચર્ચા ધ્યાને લેતા, ફરીયાદપક્ષ આરોપી નં.૩ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. એ પ્રસ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ

પરથી ઉદભવેલ નિવારણ ન થઇ શકે તેવી શંકાનો લાભ હર હંમેશા આરોપીઓને મળવાપાત્ર થાય છે. આ સંજોગોમાં આરોપીઓને સદર ગુન્હાના કામે થી શંકાનો લાભ છોડી મુકવા સબબનો હુકમ જાહેર કરવામાં આવતો હોય સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) ની જોગવાઇ મુજબ સદર ચુકાદો આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કરવો ન્યાયોચિત જણાતુ હોય, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ "**આખરી હુકમ**" ફરમાવવામાં આવે છે.

**–// હુ ક મ //–**

(૧) આ કામના સેશન્સ કેસ નં.૫૩/૨૦૨૪ ના આરોપી **(૧) કિશોર ઉર્ફે રાજુ સ/ઓ સુરાભાઇ ટપુભાઇ વાઘેલા,** ઉ.વ.આ. ૨૫, ધંધો–માલઢોર વેચવાનો, રહે.મોટા દેવળીયા, દેવળીયા, ઓ.પી.ની નજીક રોડ કાંઠે,તા.બાબરા,જી.અમરેલી. **(૨) ઉમેશ સ/ઓ કેશુભાઇ મચ્છુભાઇ ચારોલા** ઉ.વ.આ.૨૦,ધંધો–માલઢોર વેચવાનો, રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે, નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. **(૩) સંજયભાઇ સ/ઓ નાનજીભાઇ જવેરભાઇ મીઠાપરા** ઉ.વ.આ.૩૫,ધંધો–ભંગાર વેચવાનો, રહે.જેતલસર ગાયત્રીનગર,ડેડરવારોડ બાપા સીતારામ મઢુલી પાસે, તા.જેતપુર,જી.રાજકોટ. તથા સેશન્સ કેસ નં.૫૪/૨૦૨૪ ના આરોપી **(૧) વિક્રમ ઉર્ફે ભાજપ સ/ઓ વલ્લભભાઇ ચારોલીયા** ઉ.વ.આ.૨૫, ધંધો–માલઢોર વેચવાનો, રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે, નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. **(૨) ડી.ડી.ઉર્ફે યુનુસ સ/ઓ મુનીભાઇ રામાભાઇ વાઘેલીયા** ઉ.વ.આ.૧૯,ધંધો–માલઢોર વેચવાનો, રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે, નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. તથા સેશન્સ કેસ નં. ૦૧/૨૦૨૫ ના આરોપી **(૧) વિક્રમ સ/ઓ ધીરુભાઇ ચારોલા,** ઉ.વ.આ.૨૦, ધંધો–માલઢોર વેચવાનો, રહે.મુળ વાસાવડ બાબરા ચોકડી પાસે, નદીના પટમાં,તા.ગોંડલ,જી.રાજકોટ. નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૧) તેમની વિરૂધ્ધના

ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૫૭,૩૮૦,૪૨૭, ૪૩૬, ૪૪૭, ૩૭૯,૪૪૧,૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓ જામીન મુકત હોય તેઓના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાના કામે અપીલ થાય તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે આ કામના દરેક આરોપી એ સી.આર.પી.સી.કલમ-૪૩૯(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન રજુ કરવા. જે જામીન ગીરી છ માસ સુધી અમલમાં રહેશે.

(૪) સદરહું ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ એક કાળા કલરનું ટી.વી.એસ. સ્ટાર કંપનીનું મો.સા. રજી.નં.જી.જે.૦૩. એ.પી.૫૧૬ છે તે અંગે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખાવામાં આવે છે. અન્યથા મુદ્દામાલ વાહન અંગેના માલિકીની ખરાઇ કરી તેઓને સુપરત કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ હાલના કેસમાં કબ્જે કરવામાં આવેલ નોનવેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કવરાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૩૦મી, માંહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ગોંડલ.
(R.A.ZALA)

**(હિમાંગ અશ્વીનભાઇ ત્રિવેદી)**
અધિક સત્ર ન્યાયાધિશ, ગોંડલ.
(UID No.GJ00591)

**એડીશ્નલ સેશન્સ જજ,ગોંડલ.**